# લો... ધાનેરામાં અધિકારીઓ જમવા જાય તો પણ કચેરીને તાળું મારીને જાય છે

**ધાનેરાની સીટી સર્વે કચેરીને બહારથી ખંભાતી તાળું અને અંદર લાઈટ, પંખા, કોમ્પ્યુટર તેમજ અન્ય ઇલેક્ટ્રિક વસ્તુઓ ચાલુ : સીટી સર્વે કચેરીની બાબત અમારા ધ્યાન પર આવી છે માટે અમે તાપસ કરાવશું : પ્રાંત અધિકારી ધાનેરા**

ધાનેરાની સીટી સર્વે કચેરીની કામગીરીને લઈ લોકોમાં અનેક સવાલ ઉઠી રહ્યા છે અને લોકોને ભારે મુશ્કેલીનો સામનો પણ કરવો પડી રહ્યો છે ત્યારે લોકોનું કહેવું છે કે આ કચેરી અધિકારીઓ ને મનફાવે વસ્તુઓ ચાલુ જોવા મળી હતી અને કચેરી ને તાળું બંધ જોવા મળ્યું હતું ત્યારે આજે પણ આ અધિકારી પ્રકાશ ગહેલોત નો સમ્પર્ક કરતા તેને જણાવ્યું હતું કે હું જમવા ગયો છું એટલે કચેરી બંધ છે લો ધાનેરા માં




તો ખોલે છે બાકી તો આ કચેરી ને તાલુજ જોવા મળે છે ત્યારે અમારી ટિમ ધ્વરા પણ બે વખત આ કચેરી ની મુલાકાત લેવામાં આવી હતી જેમાં આ કચેરી ને બંને વખત ખંભાતી તાળું જોવા મળ્યું હતું પહેલા દિવસે કચેરી ને તાળું જોયું તો કચેરી ના અધિકારી શ્રી પ્રકાશ ગહેલોત નો સમ્પર્ક કરતા તેમને જણાવ્યું હતું કે હું હાઈકોર્ટ ગયો છું એટલે કચેરી બંધ ત્યારે સવાલ એ ઉભો થાય છે કે અધિકારી હાજર ન હોય તો કચેરી ને તાળું મરીદેવનું અને લોકોને કામ માટે ધક્કા જ ખાવાના શું આ કચેરી માં અધિકારી સિવાય બીજું કોઈ જ કામ નથી કરતુ કે જયારે અધિકારી બહાર જાય ત્યારે આ કચેરી ને તાળા લાગી જાય છે ત્યારે આજે પણ અમારી ટિમ ધ્વરા આ કચેરી ની અચાનક મુલાકાત લેતા કચેરીને મોટું તાળું મારેલું જોવા મળ્યું હતું અને તૂટેલા દરવાજા માંથી અંદર જોયું તો લાઈટ પંખા કોમ્પ્યુટર સહીત ની ઈલેક્ટ્રિક અધિકારીઓ જમવા જાય તો પણ કચેરી ને તાળું મારીને જાય છે કેમ કે કચેરી માં અધિકારી સિવાય કોઈ સ્ટાફ જ નથી.

મોડે મોડે આ અધિકારી પ્રકાશ ગહેલોત આવ્યા હતા અને સીટી સર્વે કચેરી માં પટ્ટાવાળા તરીકે કામ કરતા બાલાવન્ત રાણા ઉર્ફે બળિયા ના ઘરે જઈ કચેરી ની ચાવી લાવી કચેરી ખુલી હતી કચેરી ખુલતાંજ અમારી ટિમ ધ્વરા સવાલ કરવામાં આવ્યો હતો કે સાહેબ આ બધી લાઈટો અને ઈલેક્ટ્રોનિક વસ્તુઓ ચાલુ કેમ છે તો તેમને જવાબ આપ્યો હતો કે જો બંધ કરું તો બધું બાલી જાય અને વિવિધ સવાલ કરતા તેમને જવાબ આપવાનું ટાળ્યું હતું અને જણાવ્યું હતું કે ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરો માટે અમારી ટિમ ધ્વરા ધાનેરા ના પ્રાંતઅધિકારી ને સમગ્ર બાબતે જાણ કરતા પ્રાંત અધિકારીએ તાપસ કરવાની ખાતરી આપી હતી.

# મેઘરજના ઈપલોડાની શ્રમિક મહિલા સ્વાઈન ફ્લુની ઝપટમાં

**ગાય વાછરડા ૩૫ વર્ષીય સ્વાઇન ફ્લુ મૃતક યુવાનના પરિવારજનો સહીત ૧૦ વ્યક્તિઓને શંકાસ્પદ ફ્લુ**

મેઘરજ, તા. ૪

આરોગ્ય વિભાગ તંત્રે સ્વાઈન ફ્લુનું નામ બદલી ભલે સીઝનલ ફ્લુ કરી દીધું હોય પરંતુ એચ૧એન૧ નામના વાઈરસનો આતંક ધીરે ધીરે અરવલ્લી જીલ્લામાં હાહાકાર મચાવી દીધો છે. જીલ્લા આરોગ્ય વિભાગના ચોપડે સ્વાઈનફલુ અને શંકાસ્પદ સ્વાઈનફ્લુના બદલે સીઝનલ અને વાઈરલ ફ્લુનો ભેદભરમ દાખવી બેદરકારી છુપાવાના પ્રયાસો વચ્ચે અરવલ્લી જીલ્લામાં સ્વાઈનફલુ નામની મહામારી બીમારી બેકાબુ બનતા પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો છે. મેઘરજ તાલુકાના ઈપલોડા ગામની શ્રમિક મહિલા શંકાસ્પદ સ્વાઈનફલુ જણાતા હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડી તબીબે લેબોરેટરી પરીક્ષણ કરાવતા મહિલા સ્વાઈનફ્લૂની બીમારીમાં સપડાઈ હોવાની જાણ થતા મહિલાને અમદાવાદ સિવિલમાં હોસ્પિટલમાં વધુ સારવાર અર્થે ખસેડવા પરિવારજનોએ તજવીજ હાથ ધરી હતી.



અરવલ્લી જીલ્લાના પ્રજાજનો સ્વાઈનફ્લુના અજગરી ભરડામાં સપડાતા સ્વાઈનફલુ નાથવામાં જીલ્લા આરોગ્યતંત્રની ઘોર બેદરકારી બહાર આવી રહી છે. જીલ્લામાં સર્વેની કામગીરી કાગળ પર હોય તેવો અહેસાસ જીલ્લાના પ્રજાજનો અહેસાસ અનુભવી રહ્યા છે. મેઘરજના ગાયવાછરડા ૩૬ વર્ષીય યુવકનું અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સ્વાઈનફલુથી મોત નિપજ્યા બાદ આરોગ્ય વિભાગ તંત્ર દ્વારા ગાયવાછરડા ગામે સર્વેની કામગીરી હાથ ધરાતા મૃતક યુવાનના માતા-પિતા, પુત્ર-પુત્રી સહીત પરિવારના ૧૦ વ્યક્તિઓ શરદી-ખાંસી તાવમાં સપડાતા મેઘરજની ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ ખસેડાતા આરોગ્ય વિભાગ દ્વારા તમામ દર્દીઓને ટેમિફ્લૂ દવાનો ડોઝ આપવામાં આવ્યો હતો. તમામ દર્દીઓની હાલત સ્થિર હોવાથી આરોગ્ય વિભાગ તંત્રે રાહતનો શ્વાસ લીધો હતો.






## ઢૂઢરમાં બાળકી પર દુષ્કર્મ મામલે ધનસુરાનું વડાગામ સજ્જડ બંધ

સાબરકાંઠાના હિંમતનગર તાલુકાના ઢુંઢર ગામે ૧૪ માસની બાળકી પર દુષ્કર્મની ઘટના બાદ ગામડે ગામડે લોકોમાં રોષ ફાટી નીકળ્યો છે અને આરોપીને ફાંસીની સજા થાય તે માટે ઠાકોર સેના દ્વારા જુદા જુદા કાર્યક્રમો આપવામાં આવી રહ્યા છે. ત્યારે અરવલ્લી જિલ્લાના ધનસુરાના વડાગામમાં ઠાકોર સેના દ્વારા વડાગામ બંધનું એલાન આપવામાં આવ્યું હતું. જેના સમર્થનમાં વડાગામના તમામ વેપારીઓ, ધંધા-રોજગાર ધરાવતા લોકો સ્વયંભૂ બંધમાં જોડાતા સજ્જડ બંધ રહ્યું હતું અને સરપંચ અને ગ્રામજનોએ પણ સમગ્ર ઘટનાને વખોડી પરપ્રાંતીય આરોપીને ફાંસીના માંચડે લટકાવવા સિવાય અન્ય કોઈ સજા ન ખપે તેમ રોષપૂર્વક જણાવ્યું હતું. બંધ દરમિયાન કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે વડાગામમાં પોલીસતંત્ર દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો.

# પ્રાંતિજમાં બે કોર્પોરેટરો બાખડ્યા : મામલો પોલીસ સ્ટેશનમાં પહોંચ્યો

**સત્તા પક્ષના કોર્પોરેટરો તથા અપક્ષ કોર્પોરેટર વચ્ચે તું... તું... મેં... મેં... : શાબ્દિક યુદ્ધ**



પ્રાંતિજ, તા. ૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજમાં દબાણ મામલે બે કોર્પોરેટરો સામ સામે આવ્યાં તો મામલો બિચકાતા પાલિકા પ્રમુખ, ભાજપ શહેર, કોર્પોરેટરો સહિત લોકો દોડી આવ્યાં હતા. બોલાચાલી બાદ મામલો વધુ ઉગ્ર થતાં આખોય મામલો પોલીસ સ્ટેશન સુધી લાંબો થયો હતો. પોલીસ સ્ટેશન બહાર શબ્દ યુધ્ધ ચાલતાં પોલીસે ભગાડ્યા હતા.

પ્રાંતિજ ભાખરીયા બસ સ્ટેન્ડ ખાતે શીંગોડા ભોઈ સમાજની મહિલા શિંગોડાનો વેપાર કરવા માટે ટોપલી લઈને બેઠી હતી તે સમયે નગરપાલિકા દબાણ સહિત રાખેલ ટીમ દ્વારા ત્યાંથી ઉઠી જવાનું કહેતાં મામલો બિચક્યો હતો. સતાપક્ષના કોર્પોરેટર તથા અપક્ષ કોર્પોરેટરો ઘટના સ્થળે દોડી આવ્યા હતાં. સત્તા પક્ષના કોર્પોરેટરો તથા અપક્ષ કોર્પોરેટર વચ્ચે તુ...તુ...મે...મે... શાબ્દીક યુધ્ધ બાદ આખો મામલો પોલીસ સ્ટેશન સુધી લાંબો થયો હતો. પોલીસ સ્ટેશન બહાર નગરપાલિકા પ્રમુખ, ભાજપ શહેર પ્રમુખ, સત્તાપક્ષના કોર્પોરેટરો તથા અપક્ષ કોર્પોરેટરો સહિત લોકોના ટોળાં પોલીસ સ્ટેશન બહાર દોડી આવ્યા હતા. બન્ને પક્ષના કોર્પોરેટર સામ સામે આવી ગયાં હતા. પાલિકા દ્વારા હાલતો લારી પાથરણાવાળા સામે લાખ આખ કરવામાં આવી છે. બીજી તરફ બજારમાં તથા પાલિકા ના ખુદ ના શોંપીગ માં શરત ભંગ ની પાલિકા દ્વારા નોટીસો આપ્યા બાદ પણ કાર્યવાહી હાથ ધરવા



આવી નથી તો કેટલાક વેપારીઓ દ્વારા પાલિકા ની સુચનાથીજ એક નોટીસ થી સેડ સહિત નુ દબાણ દુર કર્યું તો લારીઓ વાળા તથા પાથરણા વાળા બજારમાંથી હટી ગયાં પણ હજુ જે ખરેખર દબાણ કરીને બેઠા છે તેવા વેપારીઓ સામે નગરપાલિકા નમતું જોખ્યું છે. પ્રાંતિજ પોલીસે આવી બાખડતા પોલીસ સ્ટેશનના પીઆઈ કે.બી. પટેલ દ્વારા તેવોની જાદુઈ ભાષામાં ભગાડી મુક્યા હતાં. હાલ તો પ્રાંતિજ પાલિકા દ્વારા આગળ શું વેપારીઓ સામે કાર્યવાહી કરવામાં આવશે તે તો હવે જોવું રહ્યું.



# મોડાસાની ધી સર્વોદય સહકારી બેંક લી. નબળી પડી હોવાની અફવાથી ગ્રાહકો નાણા પરત મેળવવા ઉમટ્યા

**બીજા દિવસનો ગ્રાહકોને ટોકન અપાતા હોબાળો અટક્યો**



અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના લઘુમતી સમાજની આધારસ્તંભ ધી સર્વોદય સહકારી બેંક.લી નબળી પડી હોવાની અને ફડચામાં ગઈ હોવાની કેટલાક ટીખળખોરોએ અફવા ફેલાવતા વાત વાયુવેગે સમગ્ર શહેરમાં અને અરવલ્લી જીલ્લા સહીત વિદેશમાં વસવાટ કરતા ગ્રાહકો સુધી પહોંચતા ભારે હોબાળા મચ્યો હતો. બેંક ફડચામાં જવાની અફવાથી બેંકના ખાતાધારકો અને ડીપોઝીટરો બેબાકળા બની તેમની મહામૂલી બચત અને પરસેવાની કમાણી પરત મેળવવા બેંક ભણી દોટ મુકતા બેંકમાં ભારે ભીડ ઉમટતા બેંકના સત્તાધીશો અને કર્મચારીઓ ગ્રાહકોને સમજવા અને બેંકની સાચી સ્થિતિનો ભારે મથામણ કરતાં નજરે ચઢ્યા હતા. બેંકના ચેરમેન ઈકબાલ ઈપ્રોલીયાના જણાવ્યા અનુસાર બેંકનું ૬૩ કરોડનું ભંડોળ સલામત હોવાનો દાવો કર્યો હતો, જયારે બેંકના વહીવટદારોએ રાજકીય અદાવતમાં કેટલાક વિઘ્ન સંતોષીઓએ અફવા ફેલાવી હોવાની ચર્ચા કરતાં હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી. મોડાસાની છેલ્લા ૩૨ વર્ષથી ૯ હજારથી વધુ સભાસદો ધરાવતી ધી સર્વોદય સહકારી બેંક નબળી પડી હોવાની અફવાથી બેંકમાં થાપણો ધરાવતા લોકોએ રીતસર રૂપિયા ઉપાડવા પડાપડી કરતા સત્તાધીશો અને કર્મચારીઓ ફોંફે ચઢ્યા હતા અને ગ્રાહકોનો વિશ્વાસ જળવાઈ રહે અને અફવાનું જોર અટકે માટે બેંકે ૨.૭૫ કરોડ રૂપિયાનું ચુકવણું કરી અફવા પર ઠંડુ પાણી રેડી દીધું હતું. બીજા દિવસે પણ ગ્રાહકોનો નાણા ઉપાડવા ઉમટતા ગ્રાહકોને તકલીફ ન પડે તે માટે તમામ ગ્રાહકોને ટોકન ફાળવી દીધા હતા અને ગ્રાહકોને રોકડ રકમ આપવામાં આવી હતી. કેટલાક મુસ્લિમ સમાજના અગ્રણીઓ પણ બેંકના વહીવટના સમર્થનમાં બહાર આવી સભાસદો અને ગ્રાહકોને સમજાવવા સોશ્યલ મીડિયાનો સહારો લીધો હતો.

# મોડાસા તાલુકાના મોટી ચીચણો ગામના ૩૦૦ પશુપાલકોનો દૂધનો પગાર ૬૦ લાખ અટવાતા ભારે દયનિય હાલત

**ખેતીમાં પારાવાર નુકશાન બાદ દૂધનો પગાર અટકતા જીવનનિર્વાહ ચલાવવાના રીતસરના ફાંફે ચઢ્યા**

મોડાસા, તા. ૪

અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના મોટી ચિચણો ગામના



૩૦૦થી વધુ પશુપાલકોના ચાર પગારના ૬૦ લાખથી વધુ રૂપિયા રોકાઈ રહેતા પશુપાલકોની સ્થિતિ દયનિય તમામ વ્યવહારો ખોરવાતા પશુપાલકોમાં ઉગ્ર રોષ ફાટી નીકળ્યો હતો. જીલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી દૂધ ઉત્પાદકોના અટવાયેલા નાણા ઝડપથી ચૂકવાય તે માટે યોગ્ય કાર્યવાહી કરવા માંગ કરી હતી. પશુપાલકોએ રીતસરની પોક મૂકી રડતા જોવા મળ્યા હતા.

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના મોટી ચિચણો ગામ ૧૫૦૦થી વધુ વસ્તી ધરાવે છે. રહીશોનો મુખ્ય વ્યવસાય ખેતી અને પશુપાલનનો છે. ચાલુ વર્ષે ખેતીવાડીમાં ભારે નુકશાન છે હાલ આ ગામના રહીશોનો જીવન ગુજારો પશુપાલન પર નિર્ભર હોવાથી દૂધ વેચી જે નાણાં મળે તેમાંથી ઘરખર્ચ, બીમારી અને બાળકોના અભ્યાસ માટે આધારસ્તંભ બની રહ્યો હતો, પરંતુ છેલ્લા કેટલાક સમયથી દૂધ મંડળીના વહીવટ કથળતા અથવા અગમ્ય કારણોસર અટકાવી દેતા આધારસ્તંભ તૂટી પડતા ચાર પગારના ૬૦ લાખના ચુકવણું અટવાઈ પડતા ભારે હાલાકીમાં મુકાયા છે.

ગામના ૩૦૦થી વધુ પશુપાલકોના દર દસ દિવસે પગાર થતો હોય છે એવા ચાર પગાર ડેરી સંચાલકો દ્વારા અટકાવવામાં આવ્યા છે જેના કારણે પશુપાલકોના તમામ આર્થિક વ્યવહારો તૂટી ગયા છે. જેના કારણે ગામના પશુપાલકોએ દૂધ મંડળી આગળ ભારે હોબાળો મચાવ્યો હતો.

એક તરફ ખેતીમાં ભારે નુકશાન, ખાતર બિયારણ પણ મોંઘું મહેનત કરી ખેતી કરે પણ ક્યાંક ખેતી તૈયાર થવાના સમયે ખેતીમાં રોગ આવી જતા તમામ પાક નિષ્ફળ જવાની તૈયારીમાં છે. એવામાં એક



માત્ર દૂધના વ્યવસાય પર આધાર હતો એમાં પણ સાબરડેરી દ્વારા દૂધના ભાવમાં પણ છેલ્લા ૪૦ દિવસમાં કિલો ફેટે ૩૫ થી ૬૦ રૂપિયાનો ઘટાડો કરતા પશુપાલકો માટે ''પડતા પર પાટુ'' જેવો ઘાટ સર્જાયો છે. ત્યારે મોટી ચીચણો ગામના ડેરી સંચાલકોના ગેરવહીવટને કારણે ચાર પગારના ૬૦ લાખ કરતા વધુ નાણાં રોકાઈ ગયા છે. જેના કારણે સ્થાનિક પશુપાલક મહિલાઓને ઘર ચલાવવું મુશ્કેલ બન્યું છે. વિદ્યાર્થીઓને અભ્યાસ અને બીમારીમાં તેમજ ઘર ખર્ચ કાઢવો પણ મુશ્કેલ બન્યો છે. જેના કારણે મહિલાઓ પણ રણચંડી બની હતી અને જો બે દિવસમાં આ રોકાયેલ દૂધના નાણાં નહીં મળે તો ઉગ્ર આંદોલનની ચીમકી ઉચ્ચારી હતી. આ ગામના પશુપાલકોના મહેનતના નાણાં રોકી રાખવા બાબતે વહીવટીતંત્ર જવાબદાર હોવાનું પ્રાથમિક તબક્કે જણાઈ આવ્યું છે ત્યારે વહીવટી અણઆવડત કે અન્ય કોઈ કારણોસર તો પશુપાલકોની સ્થિતિ દાજયા પર ડામ દેવા જેવી થઈ છે. ત્યારે રોષે ભરાયેલ પશુપાલકોએ અરવલ્લી જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપી ઝડપથી નાણાં છુટા થાય એવી માગ કરી છે.

# અરવલ્લી એસઓજી પોલીસે ફિલ્મી ઢબે ટેમ્પાનો પીછો કરી સહયોગ ચોકડી નજીકથી ગૌવંશ ઝડપ્યું

મોડાસા, તા. ૪

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના બાયપાસ રોડ નજીકના વિસ્તારોમાં કેટલાક શખ્સો ગેરકાયદેસર પશુઓને અને ગૌવંશને કતલખાને ઘુસાડવાનો કાળોબજાર ચલાવી રહ્યા છે. જીલ્લા



એસઓજી પોલીસે રાણાસૈયદ વિસ્તારમાંથી ગેરકાયદેસર પશુઓને કતલખાને લઈ જવાની બાતમી મળતા જીલ્લા એસઓજી પોલીસે વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરી ટેમ્પામાં ઉપરના ભાગે શાકભાજીના કેરેટ ગોઠવી અંદર ઠસોઠસ મરણતોલ હાલતમાં પશુઓ ભરેલા જણાતા ફિલ્મીઢબે પીછો કરતા મોડાસા સહયોગ ચોકડી નજીક ટેમ્પાને અટકવી દેતા ટેમ્પાનું પાયલોટિંગ કરનાર કારમાં સવાર કસાઈઓ કાર રોડ બાજુ રાખી ફરાર થઈ ગયા હતા. જીલ્લા એસઓજી પોલીસે ટેમ્પો ચાલક અને ટેમ્પામાં રહેલા ૧૦ પશુઓ મોડાસા ટાઉન પોલીસને સુપ્રત કરતા મોડાસા ટાઉન પોલીસે ટેમ્પોચાલક ઈદ્રીશ ઉર્ફે અચલા ઘાંચી (રહે, સાતપુર,ગોધરા)ની ધરપકડ કરી ટેમ્પોમાંથી મરણતોલ હાલતમાં ઘાસચારા અને પાણીની વ્યવસ્થા કરી મરણતોલ હાલતમાં બાંધેલ ૯ બળદ કિં. રૂ. ૧૩૫૦૦૦ તથા ૧ ગાય કિં. રૂ. ૨૦૦૦૦ ટેમ્પોની કિં. ૨૦૦૦૦૦ થતા પાયલોટિંગ કરનાર કાર કિં. રૂ. ૫૦૦૦૦ મળી કુલ રૂ. ૪૦૫૦૦૦નો મુદ્દામાલ ઝડપી પાડી ટેમ્પોચાલક અને ફરાર અન્ય શખ્સો સામે પ્રાણી અત્યાચાર નિવારણ કલમ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા. કતલખાને ઘુસાડતું ગૌવંશ પકડાયું હોવાની માહિતી પ્રાપ્ત થતા મોટી સંખ્યામાં વિશ્વ હિન્દુ પરિસદના કાર્યકરો ઉમટી પડ્યા હતા.